વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત

આદિજાતિ વિસ્તારમાં મુખ્યમંત્રી નાહરી કેન્દ્રો યોજના શરૂ કરવા અંગેની બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-ન.બા.૨૯-ધ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૩/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: આવિ/તા.સં./૧/૨૦૧૫-૧૬/૩૪૭૨ થી ૩૪૭૩

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિસ્તારના પરીવારોને પુરુષો દ્વારા થતાં આર્થિક ઉપાર્જન ઉપરાંત વધારાના આવકનો સ્ત્રોત પુરુ પાડી આદિજાતિ પરીવારોનો આર્થિક ઉત્કર્ષ કરવામાં અને આદિવાસી મહિલાઓનું સશક્તિકરણ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી નાહરી કેન્દ્રો સ્થાપવાની દરખાસ્ત કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી મળેલ હતી. આ યોજનાના અમલીકરણથી આદિજાતિ બહેનોને આજીવીકાની તકો મળશે તેમજ તેમના સશક્તિકરણના ઉદેશથી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં નાહરી કેન્દ્રો થકી આદિવાસી વિસ્તારોમાં ગ્રાહકોને પરંપરાગત આદિજાતિ વાનગીઓ તેમજ ગૃહ ઉત્પાદીત વસ્તુઓ, અથાણા, પાપડ વિગેરે મળી શકશે.આ નાહરી કેન્દ્રો સ્થાપવા મહીલા સંચાલિત ગ્રુપોને થનાર ખર્ચ જેમ કે વાંસ કામ માટે કાચો માલ, ફર્નીચર, વાસણો, ફ્રીઝ, વોટર કુલર, ટોયલેટ, બાથરૂમ વિગેરેની સુવિધા વિકસાવવા થનાર ખર્ચ પૈકી ૫૦% રકમ અથવા રૂ. ૫.૦૦ લાખ બે પૈકી જે ઓછું હશે તે સબસીડી પેટે આપવામાં આવશે. આ ઉપરાંત બાકી રહેતી ૫૦% રકમ માટે આદિજાતિ મહિલાઓને લોન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જ્યારે સબસીડીની રકમ બે હપ્તામાં એટલે કે ૬૦% અને ૪૦% ના બે જુદા જુદા હપ્તામાં આપવામાં આવશે. આ રકમ વ્યક્તિગત આદિવાસી મહિલાઓને

અથવા આદિજાતિ મહિલાઓના જુથને કે જેમાં મહત્તમ પાંચ સભ્યો હોય તેને આ સહાય આપવામાં આવશે. આ યોજના માટે રૂ.૫૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારમાં મુખ્યમંત્રી નાહરી કેન્દ્રો શરૂ કરવાની યોજના અંગેની રૂ.૫૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છેઃ

**શરતોઃ-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૬) આ અંગેની વિગતવાર યોજના તૈયાર કરી સરકારશ્રીની મંજુરી મેળવી લેવાની રહેશે

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬, આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિકાસ પેટા યોજના, પેટા સદરઃ વીકેવાય, ન્યુ મુખ્યમંત્રીશ્રી નાહરી કેન્દ્ર યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ

E:\gh-3\G.R.2016-17\PRC-102016-N.B.29-GH-GR.docx